લેખાંક-૬૦

प्रકૃતિ અને સનાતન ધર્મ

# સનાતન ધર્મમાં પ્રકૃતિનું નિરૂપણ

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અગાઉના 2 લેખમાં ‘પંચવિધ પ્રકૃતિ’ના 5 દેવીમાંથી 4 દેવીઓને સમજવાનો પ્રયત્ન આપણે કર્યો. આજના લેખમાં પાંચમા દેવીને સમજીએ.

મૂળ પ્રકૃતિનું પાંચમું રૂપ ‘ભગવતી રાધાજી’.

“પ્રકૃતિના આ પાંચમા દેવી પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને પ્રાણથી પણ વધારે પ્રિય છે અને તેમનું ડાબું અર્ધું અંગ છે. બધી દેવીઓ કરતાં તેઓ અનુપમ, સુંદર અને બ્રહ્મના જેવા જ તેજ અને ગુણોથી સંપન્ન છે. તેઓ પરમ સૌભાગ્યવતી છે. તેમને ‘પરાવરા’(કાર્ય-કારણ રૂપ), ‘સર્વના સારરૂપ’, ‘સર્વોત્તમ’, ‘પરમ આધ્યા’, ‘સનાતની’, ‘પરમાનંદરૂપા’, ‘ધન્યા’, ‘માન્યા’ અને ‘પૂજ્યા’ કહેવામાં આવે છે. તેઓ નિત્ય નિકુન્જેશ્વરી પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણની રાસક્રીડાના અધિષ્ઠાત્રી દેવી છે. ભગવાન શ્રીકૃષ્ણના રાસમંડળ માટે તેમનું પ્રાગટ્ય થયું છે. તેમનાથી જ રાસમંડળ અનુપમ શોભાયુક્ત છે. ‘ગોલોકધામ’માં રહેનારા આ દેવી ‘રાસેશ્વરી’ અને ‘સુરસિકા’(અત્યંત રસિક) નામથી પ્રસિદ્ધ છે. રાસમંડળમાં રમવાનું તેમને અતિશય પ્રિય છે. ગોપીના વેશમાં રહેનારાં તેઓ સંતોષ અને આનંદથી પૂર્ણ છે અને ‘નિર્ગુણા’(લૌકિક ત્રિગુણથી રહિત), ‘નિર્લેપ’(લૌકિક વિષય ભોગોથી રહિત), ‘નિરાકાર’(5 મહાભૂતો વડે બનેલા શરીરથી રહિત - દિવ્ય ચિન્મય રૂપ), ‘આત્મસ્વરૂપા’(ભગવાન શ્રીકૃષ્ણના આત્મા) વગેરે નામોથી પ્રસિદ્ધ છે. વેદોક્ત વિધિ પ્રમાણે ધ્યાન કરવાથી માત્ર વિદ્વાનો જ તેમના રહસ્યને સમજી શકે છે. ઈન્દ્રે, ઉત્તમ મુનિઓએ તથા ઈશ્વરના વિવિધ સ્વરૂપોએ પણ તેઓને જોયા નથી. તેઓ અગ્નિથી નહિ બળે તેવા અગ્નિશુદ્ધ દિવ્ય વસ્ત્રો ધારણ કરે છે. અનેક પ્રકારના દિવ્ય આભૂષણોથી તેઓ સુશોભિત છે. તેમની દિવ્ય કાંતિ કરોડો ચંદ્રમા જેવી છે. તેમનો સર્વાંગ સુંદર વિગ્રહ બધાં જ ઐશ્વર્યોથી સંપન્ન છે. સર્વસંપત્તિ કરતા શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણની સેવારતિ જ એમનું લક્ષ્ય છે. તેઓ સર્વસંપત્તિને આપનારાં છે. શ્રી વૃષભાણજીને ત્યાં તેઓ પુત્રીના રૂપમાં પધાર્યાં અને તેમના ચરણકમળના સ્પર્શથી પૃથ્વી પરમ પવિત્ર બની ગઈ. બ્રહ્મા વગેરે દેવતાઓ પણ જેમને જોઈ શક્યા નથી, તે જ આ દેવી ભારતખંડમાં બધાને દ્રષ્ટિગોચર થઈ રહ્યા છે. તેઓ સ્ત્રીરૂપી રત્નોમાં સારરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણના વક્ષ:સ્થળ પર તેઓ એ રીતે બિરાજે છે જેમ આકાશમાં સ્થિત નવા નીલ મેઘોમાં વીજળી ચમકી રહી હોય. તેમને પ્રાપ્ત કરવા બ્રહ્માજીએ 60,000 વર્ષ સુધી તપસ્યા કરી હતી. તેમની આ તપસ્યાનો ઉદ્દેશ એ જ હતો કે, તેમના ચરણકમળના નખના દર્શન વડે તેઓ પરમ પવિત્ર બને પરંતુ સ્વપ્નમાં પણ તેઓ આ દેવીના દર્શન કરી શક્યા નહિ, તો પછી પ્રત્યક્ષ દર્શનની તો વાત જ ક્યાં રહી? તે જ તપસ્યાના પ્રભાવથી ત્યાર બાદ બ્રહ્માજીએ તે દેવીને પૃથ્વી પર વૃન્દાવનમાં જોયા હતા. આ દેવીનું વૃન્દાવનમાં ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ પ્રગટીકરણ થયું અને આ જ પંચમ દેવી ‘ભગવતી શ્રી રાધાજી’ છે.



પદ્મપુરાણ -પાતાલ ખંડ પ્રમાણે : “દેવી કૃષ્ણમયિ પ્રોક્તા રાધિકા પરદેવતા, સર્વલક્ષ્મી સ્વરૂપા સા કૃષ્ણાહલાદ સ્વરૂપિણી, ચિદચિલ્લક્ષણમ સર્વ રાધાકૃષ્ણ મયમ જગત”. વળી બ્રહ્મવૈવર્ત પુરાણમાં લખ્યું છે : “યથા ત્વં રાધિકાદેવી ગોલોકે ગોકુલે તથા વૈકુંઠે ચ મહાલક્ષ્મી ભવત ચ સરસ્વતી. ત્વં સીતા મિથીલાયા ચ ત્વછાયા દ્રૌપદી સતી. હત્વા ત્વં ચ ત્વં ચ રામસ્ય કામિની”. આનો અર્થ સ્પષ્ટ છે કે, દેવી ‘શ્રીરાધાજી’ અન્ય જન્મોમાં પણ પ્રભુની સાથે જ અવતાર ધારણ કરનારી મહાલક્ષ્મી, સીતા, દ્રૌપદી વગેરે શક્તિ છે.

પ્રેમભક્તિનું સ્વરૂપ એટલે જ ‘શ્રીરાધાજી’. શ્રીકૃષ્ણને આનંદ આપે અને આ આનંદ પામતાં શ્રીકૃષ્ણ પણ આનંદિત થાય તે રાધાજી માટે જ રાધાજીને ‘પરમાનંદ સ્વરૂપ’ કહેવાય છે. શ્રીરાધાજીને ‘વિશ્વજનની’, ‘વિશ્વમયી’, ‘વિશ્વસ્વરૂપા’, ‘યોગમાયા’ અને ‘દૈવીમાયા’ તરીકે અનેક પુરાણો વર્ણવે છે. “ય: કૃષ્ણ: સાપિ રાધા ચ યા રાધા કૃષ્ણ એવ સ: એકં જ્યોતિ: દ્વિધા ભીન્નમ રાધામાધવ રૂપકમ”. અર્થાત : જગતનું તત્ત્વ કૃષ્ણ તો કૃષ્ણનું તત્ત્વ રાધા. રાધા એ જ કૃષ્ણ. કૃષ્ણ એ જ રાધા.

આ જ ‘ભગવતી રાધાજી’ની સર્વ પ્રથમ ગોલોકમાં રાસમંડળ પ્રસંગે પૂજા કરવામાં આવી. ગોપ, ગોપીઓ, ગોપ બાળકો અને કુમારિકાઓ સાથે શોભતા શ્રીરાધાજીનું શ્રીકૃષ્ણે પૂજન કર્યું. એ દિવસ આસો મહિનાની પૂનમની ચાંદની રાત હતી. ગાયોનો સમુદાય પણ આ ઉત્સવમાં સામેલ હતો. પૃથ્વી પર એમની પહેલી પૂજા સુયજ્ઞ રાજાએ કરી. ત્યાર બાદ શ્રીકૃષ્ણની આજ્ઞાથી ત્રિલોકમાં સર્વત્ર તેમની પૂજા થાય છે.”

અહીં આપણે જે 5 મુખ્ય ‘પ્રકૃતિદેવી’ઓને સમજ્યા તે તમામ દેવીઓ ‘મૂળ પ્રકૃતિ’ હોવાથી પરિપૂર્ણ છે. મૂળરૂપે આ તમામ 5 દેવીઓ ‘મા ભગવતી’ના જ સ્વરૂપ છે કે જેઓ સૃષ્ટિ સર્જનના કાર્ય માટે નિર્ગુણ રૂપે હંમેશાં સ્થાયી રહે છે. તેમને ભેદની દ્રષ્ટિએ અલગ અલગ હોય તેવી ભાવનાથી જોઈ શકાય નહિ. આ જ દેવીઓ સૃષ્ટિના ભરણપોષણના કાર્ય માટે વિવિધ સગુણ સ્વરૂપે વિવિધ અંશ, કલા અને કલાંશ (અંશના અંશ અને કલાના અંશ) ઉત્પન્ન કરે છે. દરેક સૃષ્ટિમાં બધી જ સ્ત્રીઓ તેમનું સ્વરૂપ છે એમ માનવામાં આવે છે. આવતા લેખમાં આ દેવીઓના મુખ્ય અંશોને સમજવાનો પ્રયત્ન કરશું.

(ક્રમશ:)

---



# પાખીદાસ

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

બંગાળના રાયગંજ જિલ્લામાં કલિકા નદીના કાંઠા પર પક્ષી અભયારણ્યની બાજુમાં, પાખીદાસ બાઉલનો રળિયામણો આશ્રમ છે ત્યાં અમે રાત્રિ રોકાણ કરી બેઠાં હતા. બાઉલ પરંપરામાં દીક્ષા અને શિક્ષા માટેનો કોઈ એક રૂઢ થયેલ માર્ગ નથી. બાઉલો કહેતા હોય છે, ‘જેટલાં મનુષ્ય, તેટલાં રસ્તા! દરેક માટે અલગ અલગ માર્ગ હોય છે, તે માર્ગ શોધી અને ચિંધી બતાવવા તે જ ગુરુનું કામ! તે કામ કરી શકે તે જ સાચા સિદ્ધ ગુરુ! રૂઢ રીતે એક જ માર્ગે દીક્ષા દીધે રાખવી તે ખરેખર તો ગુરુની નિષ્ફળતા છે!’ આ વાત સાંભળી અમે પાખીદાસને પૂછ્યું, ‘તારી દીક્ષા અને શિક્ષાની વાત કર!’ બાઉલ પાખીદાસ બોલ્યા, ‘મારા ગુરુનું નામ સબુજદાસ. આ આશ્રમ તેમની પ્રસાદી છે. હું જ્યારે 8 વર્ષની ઉંમરે અહીં દીક્ષા શિક્ષા લેવા આવ્યો ત્યારે આ રાયગંજ પક્ષી અભયારણ્ય કે આસપાસમાં કશું હતું નહીં. આ કલિકા નદી પણ થોડી ઊંડી હતી. આજુબાજુની વનરાઈ થોડી ગીચ હતી. ગુરુ અત્યંત પ્રકૃતિ પ્રેમી હતા. તેમના આશ્રમમાં, વૃક્ષો પર અનેક પંખીઓ રહેતા, માળો કરતા.’

એક સફેદ કબુતરનું જોડું આશ્રમમાં રહેલી ગુરુની કુટિરની બાજુની કુટિરમાં રહેતું. ગુરુને તેના પર લગાવ હતો. મને પણ તે પંખીઓ ગમવા લાગ્યા હતા.

દિવસ આખો આશ્રમમાં જેટલું થઈ શકે તેટલું કામ કરી, હું મન મરજીથી ફરતો રહેતો હતો. ગુરુએ તે કબૂતરની જોડ તરફ આંગળી ચીંધી મને કહ્યું, ‘જો, ચિત્તું! આ કબૂતરી ઈંડા મુકવાની છે. માળો બનાવે છે!’

મને રસ પડ્યો, એક દિવસે સવારે તે કુટિરમાં કબૂતરે માળામાં ઈંડા મૂક્યા. મને માળામાં કેટલાં ઈંડા છે તે જોવા માટે ઈન્તઝારી થઈ, તો મેં તે જોવા માટે સીડી ગોઠવી. માળામાં ઈંડા ઉપર કબૂતરી બેસીને ઈંડા સેવી રહી હતી. મેં તેને ઉડાડી, હાથમાં ઈંડા લઈ અને ગણ્યા. 3 ઈંડા હતા. હું ખૂબ ખુશ થયો પણ પછી મેં જોયું કે કબૂતરી ઈંડા સેવવા આવી જ નહીં

બીજે વર્ષે ફરી કબૂતરીએ તે જ સ્થાને ઈંડા મૂક્યા. ગુરુએ આગળના અનુભવના આધારે, મને ઈંડાને અડક્વાની જ મનાઈ કરી હતી, તેથી હું ઈંડાને અડ્યો નહીં. 3માંથી 2 ઈંડામાંથી બચ્ચાં બહાર આવ્યા, ત્રીજા બચ્ચાંને મુક્ત કરવા માટે, મેં ઈંડાને મારી પાસે રહેલા અણીદાર લાકડાથી ઈંડાનું ઉપરનું કવચ તોડી અને મુક્ત કર્યું! બચ્ચું બહાર તો આવ્યું, પરંતુ 2-3 કલાકમાં મૃત્યુ પામ્યું. ત્રીજે વર્ષે ફરી કબૂતરીએ ઈંડા મૂક્યા. આ વખતે તો ઈંડાને કે માળાને અડકવું જ નહીં, તે દ્રઢ નિર્ધાર કર્યો. બચ્ચાં જન્મ્યા, સમય જતા બચ્ચાં થોડાં મોટાં થયા, એક દિવસે તેની માતાએ તેને માળામાંથી ધક્કો માર્યો! અસહાય બચ્ચાને પાંખો હતી પણ તે ઉડી શકતા નહોતા. મને દયા આવી, બચ્ચાને માળામાં પાછા મૂકી દીધા. ફરી 2 કલાક પછી માતાએ ધક્કો માર્યો, મેં ફરીથી બચ્ચાંને માળામાં મૂક્યાં. મારાં ગુરુએ મારી આ ચેષ્ટા ને નિહાળી. મને તેમ કરવાની મનાઈ કરી. ચોથે વર્ષે ફરી કબૂતરીએ ઈંડા મૂક્યા, બચ્ચાં થયાં. ગુરુએ સ્પષ્ટ આદેશ આપ્યો, ‘બચ્ચાંને ફક્ત જોયા જ કરવા! તારા તરફથી કોઈ પ્રયત્ન ન થવા જોઈએ!’ થોડા દિવસમાં બચ્ચાં ઉડતા શીખી ગયા. હવે હું તરુણ થઈ ગયો હતો. એક દિવસે મેં સહજ ભાવથી ગુરુને પૂછ્યું, ‘ગુરુ! મને શિક્ષા દીક્ષા ક્યારે આપશો?’ ગુરુ બોલ્યા, ‘બેટા! તારી શિક્ષા અને દીક્ષા બંને પૂર્ણ થઈ ગયા!’ હું આશ્ચર્યથી સામે જોઈ રહ્યો! ગુરુ બોલ્યા, ‘તને પંખી ઉછેરવાનું કહ્યું હતું પણ તે આ સાદા કપોત સફેદ કબુતર નહીં, અંદરનું માનેર માનુષ રુપી પંખી ઉછેરવાનું હતું!’ આગળ બોલ્યા, ‘પ્રથમ વર્ષે તારામાં બિનજરૂરી કુતુહલ જિજ્ઞાસા હતી, સાધનામાં તે જ સૌથી મોટું વ્યવધાન. મનેરમાનુષ તમને શોધતો આવે, તમારે ખોટી જિજ્ઞાસા કરવાની જરૂરત નથી, ધૈર્ય ધરવાનું છે. નહીંતર તમે સ્પર્શેલા ઈંડાને જેમ કબુતર ત્યજી દે છે પછી તેને સેવવા કે લાલન પાલન કરવા આવતું નથી, તે જ રીતે તમને, મનેર માનુષ ત્યજી દે તેવું બને. બીજે વર્ષે, તેં સેવાઈ ગયેલા ઈંડામાંથી બચ્ચાને સહજ રીતે સ્વયં નીકળવા દેવાને બદલે, તેને બહારથી અસહજ મદદની ચેષ્ટા કરી! તેનું પરિણામ તે આવ્યું કે કસમયે, બાહ્ય ચેષ્ઠાથી જન્મેલ બચ્ચું મૃત્યુ પામ્યું. પહેલાં તું અસહજ માર્ગે મુક્તિની ઝંખના ધરાવતો હતો. ત્રીજી વર્ષે, તેં મનેર માનુષની કઠોર કૃપાનો વિરોધ કર્યો, કેવી અસમજણ હતી! માતાએ પુખ્ત થયેલ બચ્ચાંનો સહજ ડર કાઢવા માટે, તેને માળામાંથી ધક્કો માર્યો, તે તારી સમજમાં નહોતું, તેથી તે તેને ફરી માળામાં મૂકી દીધું! જન્મજાત કાચી પાંખ અને મનમાં ડર સાથે બચ્ચું જીવનભર ડરપોક જ રહ્યું! સાધનામાં પણ એવું જ છે, માનેર માનુષની કઠોર કૃપાને નિહાળવા, શ્રદ્ધા કેળવવી જોઈએ.ચોથી વર્ષે, તારાં કોઈપણ સંસ્પર્શ વગર, કબૂતરનું બચ્ચું કેવું સ્વસ્થ થઈને ઉછરી ગયું! ઊડી પણ ગયું! તે જોયું ને? આ 4 વર્ષમાં તને આ પંખીના ઉછેરથી 3 શીખ મળી, જ્યારે અંડ સ્વરૂપ હોય ત્યારે ગુરુ સિવાય અન્યનો સ્પર્શ નહીં, અડધીપડધી, કવેળાની, મુક્તિનો મોહ ન રાખવો. માથે પડેલ વિપત્તિ કે કસોટી પર કોઈ છત્રને ન ધરવું. આ છે તારા જીવનનું પાથેય. પરંપરાગત દીક્ષા મહોત્સવ તો કરીશું પરંતુ આ ક્રિયા નિરંતર 4 વર્ષ ચાલી તે તને સમજાયું?’

પછી પાખીદાસ બોલ્યા, ‘ગુરુએ માથા પર હાથ મૂકીને કહ્યું, ‘આજથી તારું નામ જ પાખીદાસ એટલે કે પંખીનો ઉછેરનાર!’